" સમાચાર નહીં, સાહસની વાર્તા "

# ટ્રેન્ડ ગુજરાત

Daily Trend Gujarat

તંત્રી-માલિક-પ્રકાશક: રીજવાન મનસુરી ● PRGI Registration Number : GJGUJ/25/A3847 ● E-mail : trendgujarat024@gmail.com ● Web www.trendgujarat.tmlive.in

● Year : 01 ● Edition : 30 ● Date 09-1-2026, Friday ● Page : 4 ● Price : Rs.1 ● Annual : Rs. 360 ● Editor : RIJVAN MANSURI Mo: 9913720273

# ભારતમાં ૧ એપ્રિલ, ૨૦૨૬થી પહેલીવાર ડિજિટલી વસતી ગણતરી શરૂ થશે, નોટિફિકેશન



કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે બુધવારે ઐતિહાસિક 'વસતી ગણતરી ૨૦૨૭'ના પ્રથમ તબક્કા માટે સત્તાવાર જાહેરનામું બહાર પાડ્યું છે. આ વસતી ગણતરી ભારતની પ્રથમ સંપૂર્ણપણે ડિજિટલ વસતી ગણતરી હશે, જેની પ્રક્રિયા ૧ એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ વચ્ચે હાથ ધરવામાં આવશે. અગાઉ વર્ષ ૨૦૨૧માં થનારી આ દાયકાની ગણતરી કોરોના રોગચાળાને કારણે મોકૂફ રાખવામાં આવી હતી, જે હવે રૂ. ૧૧,૭૧૮.૨ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે.વસતી ગણતરીની આ પ્રક્રિયા બે મુખ્ય ભાગમાં વહેંચાયેલી હશે. પ્રથમ તબક્કામાં 'હાઉસ લિસ્ટિંગ' અને મકાનોની ગણતરી એટલે કે મકાનોની વિગતો, વીજળી, પાણી અને શૌચાલય જેવી પાયાની સુવિધાઓનો ડેટા લેવામાં આવશે. જ્યારે બીજા તબક્કામાં દરેક વ્યક્તિની ઉંમર, શિક્ષણ, ધર્મ, વ્યવસાય અને જ્ઞાતિની વિગતો નોંધવામાં આવશે.

આ વખતે સરકાર દ્વારા નાગરિકોને 'સેલ્ફ-એન્યુમરેશન'(પોતાની વિગતો જાતે ભરવી)નો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે. દરેક રાજયમાં હાઉસ લિસ્ટિંગની પ્રક્રિયા શરૂ થાય તેના ૧૫ દિવસ પહેલા જનતા ઓનલાઈન પોર્ટલ અથવા મોબાઈલ એપ દ્વારા પોતાની વિગતો જાતે ભરી શકશે. ત્યારબાદના ૩૦ દિવસમાં સરકારી કર્મચારીઓ ઘરે-ઘરે જઈને બાકીની વિગતો નોંધશે.આ વખતે રજિસ્ટર કે ફાઈલોના બદલે મોબાઈલ એપ અને ટેબ્લેટનો ઉપયોગ કરવામાં આવશે. ડિજિટલ વસતી ગણતરીના કારણે ડેટામાં ભૂલોની શક્યતા ઘટશે અને તે સીધો સર્વર પર અપલોડ થવાથી આંકડાઓ ઝડપથી જાહેર કરી શકાશે. સરકાર લોકોને પોતાની વિગતો જાતે ઓનલાઈન ભરવા માટે 'સેલ્ફ-એન્યુમરેશન'નો વિકલ્પ પણ આપી શકે છે. ડેટા સુરક્ષા અને ગોપનીયતા જાળવવી એ સરકાર માટે મોટો પડકાર છે, જેના માટે કડક વ્યવસ્થા કરવામાં આવી રહી છે.ભારતમાં છેલ્લે ૧૯૩૧માં જ્ઞાતિ આધારિત વિગતો એકત્ર કરવામાં આવી હતી. આટલા વર્ષો પછી આ વખતે વસ્તી ગણતરીના ફોર્મમાં જ્ઞાતિની ઓળખ પણ નોંધવામાં આવશે, જે સામાજિક નીતિઓ ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. સરકાર આ વખતે 'સેન્સસ-એઝ-એ-સર્વિસ'(ઝફફજી) મોડલ અપનાવી રહી છે, જેનાથી વિવિધ મંત્રાલયોને નીતિ-નિર્માણ માટે જરૂરી ડેટા એક ક્લિક પર મશીન-રીડેબલ ફોર્મેટમાં મળી રહેશે. સમગ્ર પ્રક્રિયા પર દેખરેખ રાખવા માટે 'સેન્સસ મેનેજમેન્ટ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ'(ઝસ્સ્જી) પોર્ટલ પણ તૈયાર કરવામાં આવ્યું છે, જે ડેટાની સુરક્ષાની સાથે પારદર્શિતા પણ સુનિશ્ચિત કરશે.નિયમ મુજબ આ વસતી ગણતરી વર્ષ ૨૦૨૧માં થવાની હતી, પરંતુ કોરોના મહામારી અને ત્યારબાદ ડિજિટલ સિસ્ટમ તૈયાર કરવામાં સમય લાગતા હવે તે ૨૦૨૬માં શરૂ થઈ રહી છે. આ વસતી ગણતરી માત્ર આંકડાઓની રમત નથી, પરંતુ તે આવનારા દાયકાઓ માટે ભારતનું નવું સામાજિક અને આર્થિક માળખું નક્કી કરનારો પાયો સાબિત થશે.

### વેપાર કરાર, ઓપરેશન સિંદૂરના મીડિયા કવરેજ સહિતના મુદ્દે સહાય મેળવી હતી

# ભારતે USમાં પોતાનાં હિતોને આગળ ધપાવવા લોબિંગ કંપનીની મદદ લીધી હતી



નવી દિલ્હી,

વોશિંગ્ટન ખાતેના ભારતના દૂતાવાસે સૂચિત વેપાર કરાર અને ઓપરેશન સિંદૂરના મીડિયા કવરેજ સહિતના મુદ્દા પર દેશના હિતોને આગળ ધપાવવા માટે અમેરિકાની એક લોબિંગ કંપનીની સહાય લીધી હતી. પાર્ટનર્સ નામની કંપનીએ ફોરેન એજન્ટ રજિસ્ટ્રેશન એક્ટ હેઠળ અમેરિકાના ન્યાય વિભાગને ને સુપરત કરેલી માહિતીમાં આ બાબતનો ખુલાસો થયો હતો.આ અંગે પ્રતિક્રિયા આપતાં ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે અમેરિકામાં વિદેશી મિશન અને બિઝનેસ ઓર્ગનાઈઝેશન માટે લોબિસ્ટ અને સલાહકારોની સેવાઓ લેવી એક એક સામાન્ય પ્રથા છે. ભારતીય દૂતાવાસ ૧૯૫૦ના દાયકાથી વિવિધ સરકારો હેઠળ સ્થાનિક પ્રથા અને જરૂરિયાતો અનુસાર આવી કંપનીઓની સહાય લેતું આવ્યું છે. વેબસાઈટમાં મૂકાયેલી માહિતી અનુસાર પાર્ટનરે એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ભારતીય મિશનને સહાય પૂરી પાડી હતી. કંપનીએ ઓપરેશન સિંદૂરના મીડિયા કવરેજની ચર્ચાવિચારણા કરવા ભારતીય દૂતાવાસને ૧૦મેએ ટ્રમ્પ વહીવટીતંત્રના ચાર અધિકારીઓનો સંપર્ક કરવામાં મદદ કરી હતી. આ કંપનીએ ભારત અને અમેરિકાના અધિકારીઓને બેઠકો યોજવામાં તથા ફોન કોલ અને ઈ-મેઈલ કરવામાં સહાય પૂરી પાડી હતી.

### ટ્રમ્પની ધમકીનો ગ્રીનલેન્ડ અને ડેનમાર્કે વિરોધ કર્યો

# ગ્રીનલેન્ડ પર અમેરિકાના કબજાથી 'નાટો'નો અંત આવશે: ડેનમાર્ક

### વેનેઝુએલામાં અમેરિકાના મિલિટરી ઓપરેશન પછી ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ બંનેની ચિંતામાં વધારો થયો

કોપનહેગન,

ગ્રીનલેન્ડ પર કબજો કરવાની અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનની ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ બંનેએ જોરદાર વિરોધ કર્યો છે અને વિનાશક પરિણામોની ચેતવણી આપી છે. ડેનિશ વડાપ્રધાન મેટ્ટે ફ્રેડરિકસેને જણાવ્યું હતું કે ગ્રીનલેન્ડ પર અમેરિકન કબજાથી નાટો લશ્કરી જોડાણનો અંત આવશે. ગ્રીનલેન્ડના વડાપ્રધાન જેન્સ ફ્રેડરિક નીલ્સન જણાવ્યું હતું કે, ગ્રીનલેન્ડની તુલના વેનેઝુએલા સાથે ન થઈ શકે.વેનેઝુએલામાં અમેરિકાના મિલિટરી ઓપરેશન પછી ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ બંનેની ચિંતામાં વધારો થયો છે. ગ્રીનલેન્ડ ડેનમાર્કનો અર્ધ-સ્વાયત્ત પ્રદેશ છે અને તેથી નાટોનો સભ્ય પણ છે. ગ્રીનલેન્ડના વડાપ્રધાન જેન્સ ફ્રેડરિક નીલ્સન જણાવ્યું હતું કે જો અમેરિકા બીજા નાટો દેશ પર લશ્કરી હુમલો કરશે તો બધું બંધ થઈ જશે. તેમા નાટો જોડાણ અને બીજા વિશ્વયુદ્ધના અંત પછી પૂરી પાડવામાં આવેલી સુરક્ષાનો પણ સમાવેશ થાય છે. સ્થિતિ એવી નથી કે અમેરિકા સરળતાથી ગ્રીનલેન્ડને જીતી શકે.ગ્રીનલેન્ડ પર કબજો કરવાની ટ્રમ્પની ધમકીનો ફ્રાન્સ જર્મની, ઇટલી, પોલેન્ડ, સ્પેન, બ્રિટન સહિતના યુરોપના નેતાઓએ વિરોધ કર્યો



હતો. આ દેશોના નેતાએ એક નિવેદન જારી કરીને ગ્રીનલેન્ડની સાર્વભૌમત્વનું રક્ષણ કરવામાં ડેનિશ વડાપ્રધાન મેટ્ટે ફ્રેડરિકસેનને સમર્થન આપ્યું હતું.

# અમદાવાદના ગુલબાઈ ટેકરા પાસે હિટ એન્ડ રનની ઘટના ઘટી

અમદાવાદ,

અમદાવાદના ગુલબાઈ ટેકરા ત્રણ રસ્તા પાસે ગઈકાલે સવારે એક હિટ એન્ડ રનની ઘટના બની હતી. પૂરઝડપે આવતા એક અજાણ્યા ટુ-વ્હીલર ચાલકે અન્ય ટુ-વ્હીલરને ટક્કર મારતા ૫૪ વર્ષીય રાજનકુમાર શાહનું ગંભીર ઈજાઓ થવાને કારણે મોત નીપજ્યું છે. અકસ્માત સર્જ્યા બાદ માનવતા નેવે મૂકીને અજાણ્યો ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો, જેની સામે હવે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા ૫૪ વર્ષીય રાજનકુમાર અશ્વિનભાઈ શાહ મંગળવાર, ૦૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે આશરે ૧૦:૦૦ વાગ્યે પોતાનું ટુ વ્હીલર લઈને નોકરી પર જવા નીકળ્યા હતા. તેઓ જ્યારે ગુલબાઈ ટેકરા ત્રણ રસ્તા પાસે આવેલા ગોયલ ટાવર સામેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે કાળ બનીને આવેલા એક અજાણ્યા ટુ-વ્હીલર ચાલકે પોતાનું વાહન બેદરકારી અને પૂરઝડપે હંકારી રાજનકુમારની મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે રાજનકુમાર રોડ પર પટકાયા હતા અને તેમને માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા, પરંતુ અકસ્માત સર્જનાર ચાલક મદદ કરવાને બદલે ત્યાંથી નાસી છૂટ્યો હતો. આ ઘટનાસ્થળે હાજર હર્ષભાઈ રાવલ અને ભાર્ગવભાઈ પંચાલ જેવા પ્રત્યક્ષદર્શીઓએ તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. લોહીલુહાણ હાલતમાં રાજનકુમારને તાત્કાલિક સોલા સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબોએ સવારે ૧૦:૪૫ વાગ્યે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકના મોટા ભાઈ પરેશભાઈ શાહે આ અંગે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.



# આરટીઓ કચેરીમાં પોલીસનો નકલી મેમો રજૂ કરાયો હોવાનો ઘટસ્ફોટ થયો

કચ્છ,

કચ્છના વાયોર પોલીસે ડીટેઈન કરેલી સ્કોર્પિયો કારને છોડાવવા માટે ભુજ આરટીઓ કચેરીમાં દયાપર પોલીસનો નકલી મેમો રજૂ કરી નજીવો દંડ ભરીને ગાડી છોડાવવા પ્રયાસ કરાયો હોવાનો મામલો બહાર આવ્યો છે. વાયોર પોલીસે બનાવ અંગે બે શખ્સો સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ ગત ૨૬-૦૯-૨૦૨૫ના રોજ વાયોર પોલીસે ચેકિંગ દરમિયાન કાળા કાચવાળી GJ-૧૨ CG-૯૮૫૪ નંબરની સ્કોર્પિયો કારને અટકાવી હતી. કારને અમીન રાવલ જત નામનો ૧૫ વર્ષનો કિશોર હંકારતો હતો. તેની પાસે ડ્રાઈવીંગ લાયસન્સ કે વાહનને લગતી આરસી બૂક સહિતના કોઈ કાગળિયાં નહોતા.કારની પાછળ નંબર પ્લેટ પણ નહોતી. જેથી પોલીસે મોટર વેહિકલ એક્ટની કલમ ૨૦૭ હેઠળ કારને જપ્ત કરી મેમો આપ્યો હતો.

આ મેમો આરટીઓ કચેરીમાં રજૂ કરી, નિયમભંગ બદલ ભરવાપાત્ર દંડની રકમ ભરપાઈ કરવાની હતી.જો કે ગાડી ડીટેઈન કર્યાના ત્રીજા દિવસે વાયોર પોલીસ મથકે તે જ કિશોર આરટીઓમાં ૧૫૦૦ રૂપિયાનો દંડ ભર્યાની રસીદ રજૂ કરીને ગાડી છોડાવવા આવ્યો હતો.

રસીદને જોઈને ઈન્ચાર્જ પીઆઈ કે.વી. ડાંગરને શંકા ગયેલી કારણ કે, જે નિયમોના ભંગ બદલ કાર ડીટેઈન કરાયેલી તે નિયમોના ભંગ બદલ ભરવાપાત્ર દંડની રકમ પાંચ સાત હજારથી વધુ થતી હતી. જેથી તેમણે રસીદ જમા લઈને, સ્ટેશન ડાયરીમાં નોંધ પાડીને કારને છોડી નહોતી.

પોલીસ તપાસમાં ભુજ ઈ કચેરીમાં વાયોર પોલીસના ડીટેઈન મેમોના બદલે દયાપર પોલીસ સ્ટેશનનો નકલી મેમો રજૂ કરાયો હતો. દંડની રકમ ઓછી ભરવા માટે ષડયંત્ર રચીને, આરટીઓમાં દયાપર પોલીસ મથકનો નકલી સહી સાથેનો બનાવટી મેમો આરટીઓમાં રજૂ કર્યો હતો.

# બજેટ સત્ર પહેલા વિધાનસભા કામકાજ સમિતિની પુનઃ રચના

ગાંધીનગર,

જાન્યુઆરી મહિનો શરૂ થઈ ગયો છે. આગામી મહિને ગુજરાત સરકારનું બજેટ રજૂ થશે. બજેટને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.




બજેટ સત્ર પહેલા વિધાનસભાની કામકાજ સલાહકાર સમિતિની પુનઃ રચના કરવામાં આવી છે. આ સમિતિમાં ચાર નવા સભ્યોની નિમણૂંક થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વિધાનસભાના બજેટ સત્ર પહેલા કામકાજ સલાહકાર સમિતિની પુનઃ રચના કરવામાં આવી છે. આ સમિતિમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, મંત્રી જીતુ વાઘાણી, કુંવરજી બાવળીયા અને મનીષા વકીલની નિમણૂંક થઈ છે. આ સાથે નવી સમિતિમાં કુલ સભ્યોની સંખ્યા ૯ પર પહોંચી છે.

કામકાજ સલાહકાર સમિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, નાણામંત્રી કનુભાઈ દેસાઈ, કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી, ઋષિકેશ પટેલ, કુંવરજી બાવળીયા, મનીષા વકીલ, બાલકૃષ્ણ શુક્લા અને કોંગ્રેસ નેતા તુષાર ચૌધરીનો સમાવેશ થાય છે. ૯ સભ્યોની સમિતિમાં માત્ર એક કોંગ્રેસ ધારાસભ્ય સામેલ છે.

## તંત્રી સ્થાનેથી..

# ૨૦૨૫-૨૬માં ભારતનો જીડીપી ૭.૪ ટકા રહેવાનો અંદાજ

નવી દિલ્હી : ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૭.૪ ટકાના દરથી વધવાનો અંદાજ છે એટલે કે ૨૦૨૫-૨૬માં ભારતનો જીડીપી ૭.૪ ટકા રહેવાની આશા છે. અમેરિકાના ટેરિફ અને વૈશ્વિક અનિશ્ચિતતા છતાં ભારત સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપથી વિકાસ પામતા અર્થતંત્રનું સ્ટેટ્સ જાળવી રાખશે. સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઇમ્પ્લિમેન્ટેશન મંત્રાલય દ્વારા જારી ફર્સ્ટ એડવાન્સ એસ્ટિમેટ મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ એટલે કે એપ્રિલ, ૨૦૨૫થી માર્ચ, ૨૦૨૬ દરમિયાન જીડીપી ૭.૪ ટકા રહેશે. આ અંદાજ આરબીઆઇના ૭.૩ ટકાના અંદાજ અને સરકારના અગાઉના ૬.૩ થી ૬.૮ ટકાના અંદાજ કરતા વધારે છે. ઉલ્લેખનીય છે કે ગત નાણાકીય વર્ષમાં ભારતનો જીડીપી ૬.૫ ટકા રહ્યો હતો. અમેરિકા દ્વારા ભારતીય વસ્તુઓ પર ૫૦ ટકા ટેરિફ, વેપાર તંગદિલી વધવા અને મહત્ત્વપૂર્ણ નિકાસ સેક્ટરોમાં અવરોધનો ખતરો જેવા પડકારો છતાં ભારતીય અર્થતંત્ર ૭.૪ ટકાનાં દરે વિકાસ કરી રહ્યું છે તે એક મહત્ત્વપૂર્ણ બાબત છે. સરકારે જીએસટીના દરોમાં ઘટાડો કરતા અનેક વસ્તુઓ પરના ટેક્સમાં ઘટાડો જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે ગયા મહિને ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઇએમએફ)એ જણાવ્યું હતું કે અમેરિકા-ભારત વેપાર સમજૂતીમાં થઇ રહેલા વિલંબને કારણે ભારતનો જીડીપી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૬.૬ ટકા અને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં ૬.૨ ટકા રહેવાનો અંદાજ છે. ચાલુ નાણાકીય વર્ષમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ૭ ટકાની વૃદ્ધિ જોવા મળી શકે છે. જે ૨૦૨૪-૨૫માં ૪.૫ ટકા હતી. સર્વિસ સેક્ટરમાં ૯.૧ ટકાની વૃદ્ધિ જોવા મળી શકે છે. જે ૨૦૨૪-૨૫માં ૭.૨ ટકા હતી.ચાલુ નાણાકીય વર્ષમાં કૃષિ સેક્ટરમાં ૩.૧ ટકાની વૃદ્ધિ જોવા મળી શકે છે. જે ૨૦૨૪-૨૫માં ૪.૬ ટકા હતી. ઉલ્લેખનીય છે કે ફર્સ્ટ એડવાન્સ એસ્ટિમેટનો ઉપયોગ કેન્દ્રીય બજેટ તૈયાર કરવામાં થાય છે.

# ભારજ નદી ઉપરનો પુલ તૂટી જતા રાહદારીઓ માટે ડાયવર્જન આપવામાં આવ્યું



છોટા ઉદેપુર,

છોટા ઉદેપુરના પાવી જેતપુર નજીક આવેલ ભારજ નદી ઉપરનો પુલ તૂટી જતા રાહદારીઓને અવરજવર માટે નદીના પટમાં છેલ્લા બે વર્ષથી ડાયવર્જન બનાવવામાં આવે છે પણ બે વર્ષમાં બે વખત ડાયવર્જન તૂટી ગયુ છે અને ત્રીજી વાર જે ડાયવર્જન બનાવવામાં આવી રહ્યું છે તે પણ તકલાદી છે. હાલ સુધીમાં સરકારના સાડા છ કરોડ વપરાઇ ગયા છે પરંતુ રાહદારીઓને પડતી મુશ્કેલીનુ કાયમી નિરાકરણ આવ્યું નથી.

છોટા ઉદેપુર જિલ્લાના પાવી જેતપુર ગામના નેશનલ હાઈવે ૫૬ નો ભારજ નદી ઉપરનો પુલ આજથી બે વર્ષ પહેલા તૂટી ગયો હતો.નેશનલ હાઈવે નબર ૫૬ જે ગુજરાત અને મધ્યપ્રદેશને જોડે છે. જિલ્લાના મુખ્ય મથક છોટા ઉદેપુરને પણ આ માર્ગ જોડે છે. આ પુલ તૂટી જતા રાહદારીઓની ચિંતા કરી સરકાર દ્વારા નદીમાંજ ડાયવર્જન બનાવવા માટે મંજૂરી આપી કે જેને લઈ રાહદારીઓને ૪૦ કિલોમીટરના ફેરો ફરવો ના પડે. પરંતુ જે કોન્ટ્રાકટરને કામ આપવામાં આવ્યું તેને જાણે વેઠ ઉતરી હોય તેમ લાગી રહ્યું છે.

બે વર્ષમાં બે વખત ચોમાસાના સમયે ડાયવર્જન ધોવાતા ત્રીજી વાર ડાયવર્જન બનાવવામાં આવી રહ્યું છે.જે બિલકુલ તકલાદી છે તેમ સ્થાનિકો અને રાહદારીઓનું કહેવું છે. અગાઉ બનેલ ડાયવર્જનની જે ડિઝાઇન બનાવવામાં આવી હતી તે પ્રમાણે નહીં પણ કોન્ટ્રાકટરે મનમાની કરી ડિઝાઇનને બદલી નાખી ફક્ત રેતી અને માટી જ નાખી ડાયવર્જન બનાવી દેતા હવે ત્રીજી વાર બનાવવામાં આવેલ ડાયવર્જન ટકશે કે કેમ તેના ઉપર સવાલો ઉઠી રહ્યા છે. કારણ કે ભારજ નદીમા ચોમાસામાં પાણીનો પ્રવાહ ખૂબ હોય છે. સુખી ડેમનું પાણી પણ આજ નદીમા છોડવામાં આવે છે.જો પુલ અને ડાયવર્જન ધોવાઈ જતા હોઈ તો આ કાચુ બનાવેલ ડાયવર્જન ટકશે ખરું ?

અગાઉ બે વર્ષમાં બે વખત ડાયવર્જન તૂટી જતા રાહદારીઓને ૪૦ કિ.મી.નો ફેરો ફરવો પડતો હતો. હવે ફરી એકવાર આ જ જગ્યાએ ડાયવર્જન બની રહ્યું છે તે તકલાદી બની રહ્યું છે. જિલ્લાના તમામ અધિકારીઓ અને નેતાઓ ડાયવર્જનની નજીકમાંથીજ પસાર થઇ રહ્યા છે તો શું નવા બની રહેલ ડાયવર્જન પર તેમની નજર નહીં જતી હોય ? કોન્ટ્રાકટરને ટકાઉ ડાયવર્જન બને તે માટે કેમ આદેશ આપવામાં આવતા નહીં હોય? ગયા વર્ષે બનેલ ડાયવર્જનમાં પાણીના નિકાલ માટે લગભગ ૧૪૦ પાઈપો નાખવામાં આવી હતી હવે ફક્ત ૬ તૂટેલી પાઈપો નાખી કામ પૂર્ણ કરી રહ્યા છે.ચોમાસુ આવતા પહેલા જ આ ડાયવર્જન તૂટી જશે તેવી લોકો સંભાવના વ્યક્ત કરી રહ્યા છે.

મધ્યપ્રદેશ છોટા ઉદેપુર અને બોડેલીને જોડતો આ મુખ્ય માર્ગ છે. પરંતુ ભારદારી વાહનો માટે અવર જવર પર રોક છે.જેથી બોડેલીથી છોટા ઉદેપુર જતા વાહનોને લગભગ ૫૦ કિમીથી પણ વધુના ફેરો ફરવો પડે છે. જેથી કેટલાક વેપારીઓને પરવડતું નથી.અને જે વેપારીઓ બજારમાં માલ વેચવા જાય છે તેમને દુકાનદારોને વધુ ભાવ ચુકવવો પડે છે. ખેડૂતોને પણ મંડીમાં માલ વેચવા જવું મુશ્કેલ બન્યું છે.હાલમાં પુલનું કામ ચાલી રહ્યું છે પરંતુ બિલકુલ મંથરગતિએ જેથી રાહદારીઓ જલ્દી થી પુલનું કામ પૂર્ણ થાય તેવી માંગ કરી રહ્યા છે.

છોટાઉદેપુર જિલ્લાની જીવાદોરી સમાન માર્ગ પર આવેલ પુલ બે વર્ષથી વધુ સમયથી તૂટી ગયો છે અને રાહદારીઓને નદીના પટમાંથી ડાયવર્જન પરથી પસાર થવુ પડતું હોય તંત્રએ આ બાબતે ગંભીરતાથી નોંધ લેવી જોઈએ.સરકારના કરોડો રૂપિયા પાણીમાં વહેવડાવી દેનાર કોન્ટ્રાકટર અને અધિકારીઓ સામે પગલા કેમ નથી લેવાતા તેવા સવાલો લોકો કરી રહ્યા છે.

# જે હિન્દુ નથી, તેઓ ગંગા ઘાટ પર ડૂબકી લગાવી શકશે નહીં

હરિદ્વાર,

વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના નેતા સાધ્વી પ્રાચીએ ૨૦૨૭માં યોજાનારા અર્ધકુંભ મેળા પહેલા હરિદ્વારના ગંગા ઘાટ પર બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. તેમણે કહ્યું કે, જ્યારે મક્કા અને મદીનામાં બિન-મુસ્લિમો પર આવા પ્રતિબંધો લાગુ છે, તો હરિદ્વારમાં બિન-હિન્દુઓ પર તેવો જ પ્રતિબંધ કેમ ન મૂકવો જોઈએ? તેમણે તેને સુરક્ષા અને હરિદ્વારની પવિત્રતા જાળવવા સાથે જોડાયેલો મુદ્દો ગણાવ્યો છે.

સાધ્વી પ્રાચીએ કહ્યું કે, બિન-હિન્દુઓના હરિદ્વારમાં ગંગામાં ડૂબકી લગાવવા પર પ્રતિબંધ હોવો જોઈએ. ૪૫ દિવસ સુધી ચાલનારો અર્ધકુંભ મેળો ૧૪ જાન્યુઆરી ૨૦૨૭ થી શરૂ થઈને મહાશિવરાત્રી સુધી ચાલશે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, આ સમયગાળા દરમિયાન ૬ થી ૭ કરોડ શ્રદ્ધાળુઓ હરિદ્વાર આવે તેવી શક્યતા છે. મંગળવારે પત્રકારો સાથે વાત કરતા સાધ્વી પ્રાચીએ કહ્યું કે, કુંભ મેળાનો વિસ્તાર અને 'હર કી પૌડી'ને 'અમૃત ક્ષેત્ર' જાહેર કરવામાં આવે અને ત્યાં બિન-હિન્દુઓના પ્રવેશ પર સખત પ્રતિબંધ મુકવામાં આવે. તેમણે આરોપ લગાવ્યો કે, પવિત્ર સ્થળો પર તથાકથિત ×જેહાદી પ્રવૃત્તિઓ×ની ઘટનાઓ સામે આવી છે, જે મોટા ધાર્મિક આયોજનો માટે ખતરો બની શકે છે. સાધ્વી પ્રાચીએ દાવો કર્યો કે, હાલમાં જ દિલ્હીથી કેટલીક મહિલાઓ હરિદ્વાર આવી અને ખોટા ઈરાદાથી ગંગામાં સ્નાન કર્યું. આવી પ્રવૃત્તિઓ અટકવી જોઈએ. તેમણે સરકાર પાસે કુંભ ક્ષેત્રમાં ×જેહાદી તત્વો×ના પ્રવેશ પર રોક લગાવવા માટે કાયદો લાગુ કરવાની પણ માંગ કરી અને આ વિસ્તારમાં બિન-હિન્દુઓ દ્વારા મિલકત ખરીદવા પર પણ પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે.

તેમણે મક્કા અને મદીનામાં બિન-મુસ્લિમોના પ્રવેશ પરના પ્રતિબંધનું ઉદાહરણ આપતા કહ્યું કે, 'હરિદ્વારમાં પણ આવા જ નિયમો લાગુ કરવા જોઈએ, જેથી ધાર્મિક અનુષ્ઠાન કોઈપણ અવરોધ વગર સંપન્ન થઈ શકે. તેમણે કહ્યું કે, ×હરિદ્વાર અને નગરપાલિકા વિસ્તાર મુખ્યત્વે હિન્દુ બહુમતી ધરાવતા વિસ્તારો છે.

# ગાંધીનગર સેક્ટર-૧૭ પોસ્ટ ઓફિસમાં આધાર સેવા કેન્દ્રનો શુભારંભ

અમદાવાદ,

નાગરિકોને તેમના નજીકના વિસ્તારમાં આધાર સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી સમગ્ર દેશમાં પોસ્ટ ઓફિસમાં આધાર સેવા કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. આ પોસ્ટ ઓફિસ આધાર કેન્દ્રો દ્વારા નાગરિકોને નવા આધાર નોંધણી તેમજ કોઈપણ પ્રકારના સુધારા અથવા વિસંગતતાની સ્થિતિમાં આધાર અપડેટ કરાવવામાં વિશેષ સુવિધા મળી રહી છે.

આ ક્રમમાં, આધાર સેવાઓની સતત વધતી માંગ અને નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને, ગાંધીનગરમાં સેક્ટર-૧૭ પોસ્ટ ઓફિસમાં આધાર સેવા કેન્દ્રનોશુભારંભ ૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ દ્વારા કરવામાં આવ્યું.

સવારે ૦૮:૦૦ વાગ્યાથી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી કાર્યરત આ બે નવા આધાર કાઉન્ટર સાથે હવે ગાંધીનગરમાં કુલ ૩૮ પોસ્ટ ઓફિસ આધાર સેવા કેન્દ્રો કાર્યરત થયા છે. ગાંધીનગર હેડ પોસ્ટ ઓફિસ (Post Office ) માં પણ લોકોને સમયબદ્ધ અને સરળ સેવા ઉપલબ્ધ કરાવવાના હેતુથી સવારે ૦૮:૦૦ વાગ્યાથી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી બે આધાર કાઉન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં કુલ ૨૫૭ પોસ્ટ ઓફિસ આધાર સેવા કેન્દ્રો દ્વારા આધાર સેવાઓ ઉપલબ્ધ છે.

પોસ્ટ ઓફિસ (Post Office ) માં આધાર નોંધણી તેમજ બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ (૫–૭ વર્ષ અને ૧૫–૧૭ વર્ષના વય જૂથ માટે) સંપૂર્ણપણે નિઃશુલ્ક આપવામાં આવે છે. જ્યારે નામ, સરનામું, જન્મ તારીખ અથવા મોબાઇલ નંબર જેવા ડેમોગ્રાફિક સુધારાઓ માટે ૭૫ ફી નિર્ધારિત કરવામાં આવી છે. ફિંગરપ્રિન્ટ અને ફોટો અપડેટ જેવા બાયોમેટ્રિક સુધારાઓ માટે ૧૨૫ ફી ચૂકવવાની રહેશે.પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે હાલમાં આધાર તમામ નાગરિકો માટે અનિવાર્ય બની ગયુ છે. આવા સમયમાં નવા આધાર સેવા કેન્દ્રોની શરૂઆત કરવાની આ પહેલ નાગરિક-કેન્દ્રિત સેવાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

આ જ ક્રમમાં ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા તમામ શાળાઓમાં બાળકોના ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ માટે પણ વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. વિવિધ શાળાઓ પોતાની જરૂરિયાત મુજબ વિશેષ કેમ્પ યોજવા માટે પોસ્ટ વિભાગને વિનંતી પણ કરી શકે છે.

દૂરના વિસ્તારોમાં સામાન્ય લોકો સુધી પહોંચ સુનિશ્ચિત કરવા માટે પોસ્ટ ઓફિસમાં લેપટોપ આધાર કિટોના માધ્યમથી કેમ્પ દ્વારા આધાર નોંધણી તથા અપડેટ કરવાની સુવિધા આપવામાં આવી રહી છે, જેથી છેવાડા સુધી સેવાઓની અસરકારક પહોંચ સુનિશ્ચિત થઈ રહી છે. આ પહેલ ડિજિટલ ઇન્ડિયા, જનસેવા અને છેવાડા સુધી સેવાઓ પહોંચાડવાની દિશામાં પોસ્ટ વિભાગની પ્રતિબદ્ધતાને સ્પષ્ટ રીતે દર્શાવે છે.

ગાંધીનગર મંડળના પ્રવર અધિક્ષક શિશિર કુમારે જણાવ્યું કે યુઆઈડીએઆઈ દ્વારા જારી કરવામાં આવેલ માર્ગદર્શિકાઓ અનુસાર દરેક વ્યક્તિએ આધાર નોંધણી/અપડેટ કેન્દ્ર પર ઓછામાં ઓછા ત્રણ વખત હાજર રહેવું જરૂરી છે. પ્રથમ વખત ૦૫ વર્ષની ઉંમર સુધી નવું આધાર નંબર મેળવવા માટે, બીજી વખત ૦૫ વર્ષની ઉંમર પૂર્ણ થયા બાદ બાળકના પોતાના બાયોમેટ્રિક વિગતો ફરજિયાત રીતે અપડેટ કરાવવા માટે અને ત્રીજી વખત ૧૫ વર્ષની ઉંમર પૂર્ણ થયા બાદ વ્યક્તિના પુનઃ બાયોમેટ્રિક અપડેટ માટે કેન્દ્ર પર હાજર રહેવું જરૂરી બને છે. બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ (૫–૭ વર્ષ તથા ૧૫–૧૭ વર્ષની ઉંમર જૂથમાં) સંપૂર્ણપણે નિઃશુલ્ક છે.

આ પ્રસંગે ગાંધીનગરના પ્રવર અધિક્ષક શિશિર કુમાર, સહાયક નિદેશક વી એમ વહોરા, ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ દીપક વાઢેર, સહાયક અધિક્ષક શ્રી હેમંત કંતાર, દક્ષેશ ચૌહાણ, ભાવિન પ્રજાપતિ તથા નિરીક્ષક ચિરાગ સુથાર, પોસ્ટમાસ્ટર ખેમચંદભાઈ વાઘેલા, રઈસા મન્સૂરી, સંજય પટેલ સહિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.





# નિવૃત્ત પ્રિન્સિપાલની ફાઈલો પાસ કરવા ટ્રસ્ટીએ રૂ. ૩ લાખની લાંચ માગી

અમદાવાદ,

અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં આવેલી પંકજ વિદ્યાલય કેમ્પસની કોલેજમાં ભ્રષ્ટાચારનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. નિવૃત્ત ઇન્ચાર્જ પ્રિન્સિપાલના પેન્શન અને જી.પી.એફ.ના નાણાં છૂટા કરવા માટે ૫ લાખ રૂપિયાની લાંચ માંગનાર ટ્રસ્ટી અને તેના વતી નાણાં સ્વીકારનાર વોચમેનને છઝમ્એ છટકું ગોઠવીને ઝડપી લીધા છે. આ ટ્રેપ દરમિયાન વોચમેન ૩ લાખ રૂપિયાની રોકડ સાથે રંગેહાથ પકડાઈ ગયો હતો, જ્યારે મુખ્ય આરોપી ટ્રસ્ટી સ્થળ પરથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. મળતી માહિતી અનુસાર, ફરિયાદી એમ.એમ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, ગુલબાઈ ટેકરા ખાતેથી ઇન્ચાર્જ પ્રિન્સિપાલ તરીકે નિવૃત્ત થયા છે. નિવૃત્તિ બાદ તેમના હકના પેન્શન, GPF અને રજાના રોકડ રૂપાંતરની ફાઈલોમાં સહી કરવાના બદલામાં કોલેજના ટ્રસ્ટી તિમિર અમીને ફરિયાદી પાસે પાંચ લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. જે પૈકી બે લાખ રૂપિયા અગાઉ સ્વીકારી લેવામાં આવ્યા હતા અને બાકીના ત્રણ લાખ રૂપિયાની અવારનવાર ઉઘરાણી કરવામાં આવતી હતી. ફરિયાદી આ લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબી.નો સંપર્ક કર્યો હતો.

# શિકારની શોધમાં વીજ ડીપી પર ચડેલી દીપડીનું કરંટ લાગતા મોત


**ઘટનાની ગંભીરતા જોતા ફોરેસ્ટ ઓફિસર કરણસિંહ રાજપૂત અને તેમની ટીમ દ્વારા દીપડીના મૃતદેહને નીચે ઉતારી કબજે લેવામાં આવ્યો**



વડોદરા,

વડોદરા જિલ્લાના વાડી વિસ્તારમાં વન્યજીવ સૃષ્ટિ માટે એક કરુણ ઘટના સામે આવી છે. અણખી-દોલતપુરા રોડ પર શિકારની શોધમાં નીકળેલી એક માદા દીપડી અચાનક વીજળીના ટ્રાન્સફોર્મર (ડીપી) પર ચડી ગઈ હતી. ડીપી પર ચડતાની સાથે જ હાઈવોલ્ટેજ વીજ કરંટ લાગવાને કારણે દીપડીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. સ્થાનિક લોકોએ વીજ થાંભલા પર દીપડીનો મૃતદેહ લટકતો જોતા વન વિભાગને જાણ કરી હતી, જેના પગલે વન વિભાગનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો.ઘટનાની ગંભીરતા જોતા ફોરેસ્ટ ઓફિસર કરણસિંહ રાજપૂત અને તેમની ટીમ દ્વારા દીપડીના મૃતદેહને નીચે ઉતારી કબજે લેવામાં આવ્યો હતો. ત્યારબાદ નિયમ મુજબ દીપડીનું પોસ્ટમોર્ટમ કરાવી તેની મોતનું સચોટ કારણ જાણવા તપાસ હાથ ધરી હતી. વન વિભાગ દ્વારા તમામ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ મોડી સાંજે આ દીપડીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૩ની પ્રાણી ગણતરી મુજબ આ વિસ્તારમાં દીપડાની સંખ્યા ૨૬ નોંધાઈ હતી, ત્યારે એકાએક આ રીતે દીપડીનું મોત થતા પ્રકૃતિ પ્રેમીઓમાં શોકની લાગણી જોવા મળી રહી છે.

# જેતપુર શહેર અને પંથકમાં રખડતા શ્વાન એટલા હિંસક બન્યા



રાજકોટ,

રાજકોટ જિલ્લાનું જેતપુર શહેર હાલમાં શ્વાનના આતંકથી થરથરી રહ્યું છે. જેતપુર શહેર અને પંથકમાં રખડતા શ્વાન એટલા હિંસક બન્યા છે કે નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધી કોઈ સુરક્ષિત નથી. સરકારી હોસ્પિટલના આંકડા જ ભયાનક વાસ્તવિકતા રજૂ કરે છે.

છેલ્લા એક મહિનામાં ૪૫૦ અને ત્રણ મહિનામાં ૧૨૦૦ જેટલા શ્વાન કરડવાના કેસ નોંધાયા છે. આ તો માત્ર સરકારી ચોપડે નોંધાયેલા આંકડા છે, ખાનગી હોસ્પિટલ અને ઘરગથ્થુ ઉપચાર કરાવનારાઓની સંખ્યા ગણતા આ આંકડો ક્યાંય વધારે હોઈ શકે છે.

શહેરના ચંદ્રમોલેશ્વર મંદિર પાસે આવેલા નાળામાં અસામાજિક તત્વો દ્વારા કતલ કરાયેલા પશુઓના અવશેષો ફેંકવામાં આવે છે. આ માંસના લોહીની લાલચે અહીં ૫૦ જેટલા શ્વાનોના ટોળા કાયમી પડાવ નાખીને બેઠા હોય છે. દુર્ભાગ્યની વાત એ છે કે અહીંથી જ પાંચ-છ શાળાઓનો રસ્તો પસાર થાય છે. ગતરોજ સતીશ ગોસ્વામી નામના ૧૦ વર્ષના બાળક પર હિંસક હુમલો થયો હતો. શ્વાન બાળકને ખેંચીને નાળામાં લઈ જવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ નસીબજોગે બાળકની ડોકને બદલે શર્ટનો કોલર શ્વાનના મોઢામાં આવતા પિતાએ તેને બચાવી લીધો હતો. જ્યારે આ ગંભીર મુદ્દે નગરપાલિકાના ચીફ ઓફિસર પાર્થિવ પરમારને પૂછવામાં આવ્યું, ત્યારે તેમનો જવાબ આશ્ચર્યજનક હતો. તંત્ર હજુ શ્વાનોની વસ્તી ગણતરી અને જગ્યા શોધવાની પ્રક્રિયામાં અટવાયેલું છે. સરકાર પાસે જગ્યા મંગાઈ છે અને ત્યારબાદ ખસીકરણ થશે તેવી ખાતરી અપાઈ રહી છે.

# શામળાજી મહોત્સવ ૨૦૨૬ની તૈયારીઓની અરવલ્લી જિલ્લા પ્રભારી મંત્રીશ્રી રમણભાઈ સોલંકીએ સમીક્ષા કરી



ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં આગામી ૮ અને ૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ બે દિવસીય શામળાજી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવના બીજા દિવસે તા. ૯ જાન્યુઆરીના રોજ માનનીય ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કાર્યક્રમો યોજાશે.આ મહોત્સવની તૈયારીઓને અંતિમ સ્વરૂપ આપવા અરવલ્લી જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રમણભાઈ સોલંકીએ આજરોજ શામળાજી ખાતે વિસ્તૃત સમીક્ષા કરી હતી. તેમની સાથે અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રની ટીમે સ્થળનિરીક્ષણ કર્યું અને વિવિધ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા.

આ સમીક્ષા બેઠકમાં વિવિધ વિભાગીય અધિકારીઓ તેમજ શામળાજી મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. પ્રભારી મંત્રીશ્રીએ યાત્રિકોની સુવિધા, સુરક્ષા, સ્વચ્છતા, પાર્કિંગ, ટ્રાફિક વ્યવસ્થા તેમજ અન્ય આવશ્યક વ્યવસ્થાઓ પર ભાર મૂકીને ભવ્ય અને સુવ્યવસ્થિત મહોત્સવ માટે માર્ગદર્શન આપ્યું હતું.શામળાજી મહોત્સવ દરમિયાન હજારો યાત્રિકોની ઉપસ્થિતિ અપેક્ષિત છે, જેમાં ધાર્મિક કાર્યક્રમો, સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ અન્ય આકર્ષણોનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ વ્યવસ્થાઓને અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવ્યું છે, જેથી યાત્રિકોને કોઈ અગવડતા ન પડે અને મહોત્સવ સફળતાપૂર્વક યોજાય.આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શામળાજી મહોત્સવ ગુજરાતની ધાર્મિક અને સાંસ્કૃતિક વિરાસતનું પ્રતીક છે અને તેને વધુ ભવ્ય બનાવવા સરકાર કટિબદ્ધ છે.

# અરવલ્લી જિલ્લાની 'સન્ડે ઓન સાયકલિંગ' મુહિમે સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ કર્યું



અરવલ્લી જિલ્લામાં ફિટ ઈન્ડિયા મૂવમેન્ટથી પ્રેરિત 'સન્ડે ઓન સાયકલિંગ' મુહિમે તા. ૫ જાન્યુઆરી ૨૦૨૫થી શરૂ થયેલી આ ઝુંબેશે સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ કર્યું છે. જિલ્લા કલેક્ટર શ્રીમતી પ્રશસ્તિ પારીક (IAS)ના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી આ પહેલે ટૂંક સમયમાં જ જિલ્લાના નાગરિકોમાં ફિટનેસનું પ્રતીક બની ગઈ છે અને મેદસ્વિતા-મુક્ત ભારતના લક્ષ્ય તરફ મજબૂત પગલું ભર્યું છે.

આ મુહિમની શરૂઆતથી જ દર રવિવારે ૫૦થી ૬૦ નાગરિકો ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે. મહિલાઓ, વડીલો, યુવાનો તેમજ બાળકો પણ આ સાયકલિંગમાં સક્રિય ભાગ લઈ રહ્યા છે. સાયકલિંગની દૂરી ૪૦ કિલોમીટરથી લઈને ૧૫૦ કિલોમીટર સુધીની રહે છે, જે શારીરિક તંદુરસ્તી વધારવાની સાથે પર્યાવરણ જાગૃતિને પણ પ્રોત્સાહન આપે છે.

સાયકલિંગના અનેક આરોગ્યલાભો છે. તે વજન નિયંત્રણમાં મદદ કરે છે, હૃદયને મજબૂત બનાવે છે, ડાયાબિટીસ જેવા રોગોથી બચાવે છે અને માનસિક તાજગી આપે છે. વધુમાં, તે સ્નાયુઓને મજબૂત બનાવે છે, એકાગ્રતા વધારે છે અને વાહનોના ઉપયોગથી થતા પ્રદૂષણને ઘટાડીને પર્યાવરણને સુરક્ષિત રાખવામાં યોગદાન આપે છે.

કલેક્ટરશ્રી પ્રશસ્તિ પારીકના નેતૃત્વમાં આ પહેલ સંપૂર્ણપણે સ્વૈચ્છિક અને સમુદાય આધારિત છે, જેમાં કોઈ આદેશ કે દબાણ વિના નાગરિકો પોતાની મેળે જોડાઈ રહ્યા છે. આ મુહિમ અરવલ્લી જિલ્લાનું ગૌરવ બની છે અને ફિટનેસની ઉજવણી તરીકે જિલ્લાવાસીઓમાં લોકપ્રિયતા મેળવી રહી છે.

આ પ્રસંગે જિલ્લા વહીવટીતંત્ર તરફથી તમામ નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે તેઓ પણ આ મુહિમમાં જોડાઈને દર રવિવારે સાયકલિંગ કરી સ્વસ્થ, ફિટ અને પર્યાવરણપ્રિય જીવનશૈલી અપનાવે. 'સન્ડે ઓન સાયકલિંગ' ફિટનેસની ઉજવણી, અરવલ્લીનું ગૌરવ!

# ટાઈટલ - વિશ્વકર્મા સમાજ માટે ચિત્ર ઉત્સવની ભવ્ય શરૂઆત

ગુજરાત રાજયની પ્રતિષ્ઠિત સંસ્થા શ્રી વિશ્વકર્મા સાહિત્ય ધર્મ પ્રચાર પરિષદ (ગુજરાત રાજ્ય) દ્વારા વિશ્વકર્મા વંશજોની કલાત્મક પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે રાજ્યસ્તરીય "શ્રી વિશ્વકર્મા ચિત્ર ઉત્સવ – ૨૦૨૫-૨૬" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ ચિત્ર સ્પર્ધા તા. ૫ જાન્યુઆરી ૨૦૨૬ થી તા. ૧ માર્ચ ૨૦૨૬ સુધી યોજાશે. ગુજરાત રાજ્યમાં વસતા તમામ વિશ્વકર્મા વંશજ ભાઈઓ, બહેનો, યુવાનો, વડીલો તથા બાળકો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

સ્પર્ધા પાંચ અલગ-અલગ ઉંમર કેટેગરીમાં યોજાશે (૧૨ થી ૬૫ વર્ષ સુધી) અને દરેક કેટેગરીમાંથી સર્જનાત્મકતા તથા કલાત્મકતા આધારે પ્રથમ પાંચ વિજેતાઓને શિલ્ડ તથા ડિજિટલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. ઉપરાંત તમામ સહભાગીઓને ડિજિટલ પ્રમાણપત્ર આપવામાં આવશે.


ચિત્ર સ્પર્ધાના વિષયો ભગવાન વિશ્વકર્મા, રામાયણ, મહાભારત અને પુરાણકથાઓ આધારિત છે, જેનાથી ધાર્મિક સંસ્કૃતિ અને પરંપરાનું સંવર્ધન થશે. ચિત્ર ફરજિયાત છ૩ સાઈઝમાં, મૌલિક અને કાર્ટૂન શૈલી સિવાયની કોઈપણ શૈલીમાં બનાવવાનું રહેશે.

સ્પર્ધાની સંયોજક તરીકે આરતીબેન પરમાર (મહુવા) સેવારત છે. શિલ્ડ સહયોગ "પિનોક એસ્ટ્રોલોજી" પિનોકાબેન રાજેશભાઈ મિસ્ત્રી (સિપોર–મુંબઈ) દ્વારા આપવામાં આવશે.

ચિત્ર મોકલવાનું સરનામું:

મયુરકુમાર અમૃતલાલ મિસ્ત્રી,

૩૯, માઝુમપાર્ક સોસાયટી,




શામળાજી રોડ, ડીપમાં,

મોડાસા – ૩૮૩૩૧૫,

જી. અરવલ્લી.

સ્પર્ધા અંગે વધુ માહિતી માટે સંપર્ક: ૯૪૨૭૮૫૦૦૯૭, ૮૫૧૧૦૯૬૪૨૬, ૮૩૨૦૧૭૩૯૫૮

આ ચિત્ર ઉત્સવ દ્વારા સમાજમાં છુપાયેલી કલાત્મક પ્રતિભાને એક સુંદર મંચ મળશે અને નવી પેઢીમાં સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના વિકસશે એવો સહ આયોજકોનો વિશ્વાસ છે.

# સરવરી યુવા ફાઉન્ડેશન દ્વારા માનવતાની સરાહનીય સેવા



છાપી (બનાસકાંઠા):

"ખિદમત-એ-ખલ્ક જ સૌથી મોટી ઈબાદત છે" આ ઉક્તિને સાર્થક કરતા સરવરી યુવા ફાઉન્ડેશન એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા એક વધુ માનવતાભર્યું કાર્ય કરવામાં આવ્યું છે.

ઈઢાટા ગામના નિવાસી તાજા ભાઈ પીરા ભાઈ ઘાંચી, જે એકતા હોસ્પિટલ, છાપીમાં સારવાર હેઠળ હતા, તેમને સરવરી યુવા ફાઉન્ડેશન તરફથી તેમના નિવાસસ્થાને પ્રમુખ ગગુશા જે જુનેજા જાતે જઈ રૂ.૧૦,૦૦૦/- ની સહાય રકમનો ચેક અર્પણ કરવામાં આવ્યો.

આ પ્રસંગે એકતા હોસ્પિટલ, છાપીના ડૉ. રફીક ભાઈ ઘાંચી સાહેબનો વિશેષ આભાર માનવામાં આવ્યો, જેમણે દર્દીના સારવાર ખર્ચમાં રૂ.૧૨,૦૦૦/- ની મોટી રાહત આપી માનવતાની ઉત્તમ મિસાલ રજૂ કરી.

સરવરી યુવા ફાઉન્ડેશનનો મુખ્ય હેતુ સમાજને શિક્ષિત, સશક્ત અને મજબૂત બનાવવાનો છે. આ સેવાકાર્યમાં સહયોગ આપનાર તમામ સાથીઓનો ટ્રસ્ટ દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

ટ્રસ્ટ તરફથી સમાજના દાતાઓ અને સેવાભાવી લોકોને આ માનવતા અભિયાનને આગળ વધારવા સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે, કારણ કે આપની નાની મદદ પણ કોઈની જિંદગી બદલી શકે છે.

# વાવ-થરાદ જિલ્લાના વિદ્યાર્થીઓ માટે યુ.પી.એસ.સી.લક્ષ્યવેધ અને માર્ગદર્શક યોજના અમલમાં મુકાઈ



વાવ-થરાદ જિલ્લાના તેજસ્વી વિદ્યાર્થીઓને યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુ.પી.એસ.સી.)ની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે પ્રોત્સાહન મળે તે હેતુસર વર્ષ ૨૦૨૫- ૨૬ અંતર્ગત યુ.પી.એસ.સી. લક્ષ્યવેધ યોજના અને વાવ - થરાદ માર્ગદર્શક યોજના અમલમાં મુકવામાં આવી છે.

યુ.પી.એસ.સી. લક્ષ્યવેધ યોજના અંતર્ગત જિલ્લાના તેજસ્વી ૬૫ વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ ૧૫ વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ.૧૫,૦૦૦/- તથા ત્યારબાદના ૫૦ વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ.૫,૦૦૦/- ની નાણાકીય સહાય યુ.પી.એસ.સી. પરીક્ષાની તૈયારી માટે એક વાર પૂરી પાડવામાં આવશે. વાવ - થરાદ માર્ગદર્શક યોજના અંતર્ગત જિલ્લાના તેજસ્વી વિદ્યાર્થીઓને યુ.પી.એસ.સી. દ્વારા આયોજિત પરીક્ષા માટે માર્ગદર્શન અને કોચિંગ સુવિધા પણ આપવામાં આવશે.

આ યોજનામાં અરજી તા. ૦૮/૦૧/૨૦૨૬ થી તા. ૧૩/૦૧/૨૦૨૬ સુધી કરી શકાશે. આ યોજના માટે લાયકાત યુ.પી.એસ.સી. લક્ષ્યવેધ યોજના માટે ધોરણ–૧૨ પાસ, વર્ષ ૨૦૨૫માં પૂર્ણ કરેલ હોય તેવા તમામ પ્રવાહના માત્ર વાવ - થરાદ જિલ્લાના વતની હોય તેવા વિધાર્થી. વાવ - થરાદ માર્ગદર્શક યોજના માટે ધોરણ–૧૧/૧૨ માં અભ્યાસ ચાલુ હોય કે તેથી વધુ અભ્યાસ કરેલ હોય તેવા તમામ પ્રવાહના માત્ર વાવ - થરાદ જિલ્લાના વતની હોય તેવા વિધાર્થી.

આ અરજી સાથે સામેલ રાખવાના પુરાવા અને આધારો વાવ - થરાદ જિલ્લાના વતની પુરવાર થાય તેવા સરકારી આધારો અને માર્કશીટ અને પંસદગી માટેના માપદંડો આ અર્થે નિયત કરવામાં આવેલ કમિટી દ્વારા નક્કી કરવામાં આવશે તથા કમિટીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

અરજી કરવા માટે માગ્યા મુજબની માહિતી https://froms.gle/htGB9WU6ZYw5gbtq7 ગૂગલ ફોર્મમાં ભરી સબમિટ કરવાની રહેશે તેમ નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત) જિ.પં.વાવ - થરાદ દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.




શ્રી મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી બી.એમ. શાહ કોલેજ ઓફ ફાર્મસી (ડિપ્લોમા) ખાતે વિદ્યાર્થીઓમાં સાયબર સુરક્ષા પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી 'સાયબર સિક્યુરિટી અવેરનેસ' કાર્યક્રમ અંતર્ગત પોસ્ટર પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

?આ કાર્યક્રમમાં ડિપ્લોમા ફાર્મસીના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ પોસ્ટર્સ દ્વારા સાયબર ક્રાઈમથી બચવાના ઉપાયો અને સાયબર સિક્યુરિટીના મહત્વ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

?આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડો. પરેશભાઈ શાહ, સાયબર સેલ કો-ઓર્ડિનેટર અને લેક્ચરર નીલમબેન પટેલ તેમજ તમામ ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# સોલૈયા સગાઈ સમારંભ તથા કોમ્યુનિટી હોલ ઉદ્ઘાટન પ્રસંગે ગૌરવસભર કાર્યક્રમ

તાજેતરમાં સોલૈયા ગાંધીનગર ખાતે શ્રી રમણભાઈ રણછોડભાઈ ચૌધરીના પુત્ર લવ–નિશી ના સગાઈ સમારંભ તેમજ લવ & કુશ ચૌધરી કોમ્યુનિટી હોલના ઉદ્ઘાટન પ્રસંગે ભવ્ય અને સંસ્કારસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પરમ પૂજ્ય મહંત શ્રી ૧૦૮ શ્રી દયારામજી મહારાજ (શ્રી રાજારામજી પવિત્ર ધામ, શિકારપુરા) તથા ગુજરાત રાજયના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પાવન ઉપસ્થિતિએ સમગ્ર કાર્યક્રમને વિશેષ ગૌરવ અને આધ્યાત્મિક ઊંચાઈ આપી. મહાનુભાવોના આશીર્વચનોથી કાર્યક્રમ વધુ ભવ્ય અને સ્મરણિય બન્યો. આ અવસરે તેમણે શિક્ષણનું મહત્વ તેમજ કુદરતી ખેતી અપનાવવાની આવશ્યકતા પર માર્ગદર્શન આપ્યું.

કાર્યક્રમમાં સમાજના આગેવાનો, સંત શ્રીઓ, મહાનુભાવો તથા મોટી સંખ્યામાં સ્વજનો ઉપસ્થિત રહ્યા હતા.

લવ અને નિશી ને જીવનના નવા પડાવ માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તથા તેમનું દાંપત્યજીવન સુખ, સમૃદ્ધિ અને પરસ્પર સમર્પણથી પરિપૂર્ણ રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી.

આવા સુવ્યવસ્થિત અને ભવ્ય આયોજન બદલ ચૌધરી પરિવાર અભિનંદનને પાત્ર છે.



સમગ્ર કાર્યક્રમ ઉપસ્થિત સૌ માટે પ્રેરણાદાયી અને સ્મરણિય રહ્યો.

આ અવસરે સંત શ્રીઓ અને આગેવાનો ને વિશેષ રીતે સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ શ્રી ભરતભાઈ રાણાભાઈ પટેલ

(સમન્વયક – રાષ્ટ્રીય સામાજિક સમરસતા, પૂર્વ પ્રમુખ – શ્રી યુવા સંગઠન સમિતિ) ને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ચિતરીયા ગામમાં, સાબરકાંઠા જિલ્લા ખાતે વિના મૂલ્યે નેત્ર યજ્ઞનું આયોજન

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના ચિતરીયા ગામમાં બી.વાય.પી.આઈ. હોસ્પિટલ (અંધજન મંડળ, અમદાવાદ) અને ઉદય સેવા સંસ્થાન સંલગ્ન ભિલોડા વિઝન સેન્ટરના સંયુક્ત ઉપક્રમે ચિતરીયા ગામમાં વિના મૂલ્યે નેત્ર યજ્ઞનું આયોજન કર્યું હતું.ભિલોડા ગામના સેવાભાવી કર્મઠ કાર્યકર્તા દિનકરભાઈ મણિલાલ ચૌહાણ એ જણાવ્યું કે, સમગ્ર કાર્યક્રમમાં ચિતરીયા ગામના આજુ-બાજુના આંતરિયાળ વિસ્તારના જરૂરીયાતમંદો મોટી સંખ્યામાં એટલે કે, ઓ.પી.ડી.માં ૧૭૦ વ્યક્તિઓએ પોતાની આંખોની ચકાસણી / તપાસ કરાવી હતી.અપુર્વ પ્રસંગ જેવો માહોલ જોવા મળયો હતો. કારણ કે, આંખો એ દરેક વ્યક્તિની પાંખો સમાન છે. આમાંથી નેત્રમણિના ઓપરેશન માટે ૨૫ દર્દીઓને તથા આંખમાં વેલ હોય તેવા ૧૦ દર્દીઓને ઓપરેશન માટે વાત્રક હોસ્પિટલમાં સમયાંતરે મોકલવાની વ્યવસ્થા કરી છે.જે તે સમયે દરેક વ્યક્તિને જાણ કરાશે, વિના મૂલ્યે નેત્ર યજ્ઞમાં આંખોની તપાસ, દવાઓનું વિતરણ, આંખના ટીપાં વગેરેનું વિતરણ કર્યું હતું. નેત્ર યજ્ઞમાં ચિતરીયા ગામના સ્વયંસેવકો કે, જેમાં વડીલ એલ.કે.કટારા, નિવૃત્ત પી.એસ.આઈ. રમણભાઈ, નિવૃત્ત ડી.વાય.એસ.પી. સેવાભાવી મહાનુભવોએ



કાર્યક્રમમાં ભાગ લીધો હતો.લોકોને આંખોની સંભાળ કેવી રીતે રાખવી તે અંગે આંખોના સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર દ્વારા લોકોને જાગૃત અને સજાગ કર્યા હતા.કાર્યક્રમ સફળ બનાવવા માટે બી.વાય.પી.આઈ હોસ્પિટલ (અંધજન મંડળ, અમદાવાદ) તરફથી હાજર રહેલા વિધાબહેન મેડમ, ભિલોડા વિઝન સેન્ટરના ડો. ગાયત્રીબહેન ચૌધરી, ભિલોડા વિઝન સેન્ટર મેનેજર રાજુભાઈ પટેલ કે જેઓએ સર્વે જવાબદારી પુરા ખંતપૂર્વક અને તપાસ અર્થે આવેલ દરેક નાગરિકોનું માન સન્માન જાળવીને સુખરૂપ પાર પાડયું હતું.કાર્યક્રમ દરમિયાન સવારે ચા-નાસ્તો, બપોરે જમવાની વ્યવસ્થા કરી હતી.ચિતરીયા ગામનાં સર્વે અગ્રણી વડીલોએ માનવ સેવાની સક્રિયતા બતાવવા બદલ ભિલોડા વિઝન સેન્ટરના મેનેજર સહિત સમગ્ર મેડિકલ સ્ટાફ પરીવારનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

# ખાનગી બેંકના કેશ ડિપોઝિટ મશીનમાં રૂ. ૫૦૦ની ૧૭ ડુપ્લીકેટ નોટો પધરાવી



વડોદરા,

નિઝામપુરા વિસ્તારમાં આવેલી એક ખાનગી બેંકના કેશ ડિપોઝિટ મશીન (CDM) માંથી રૂ. ૫૦૦ના દરની ૧૭ નકલી નોટો મળી આવતા ચકચાર મચી ગઈ છે.

બેંકના અધિકારીની ફરિયાદને આધારે ક્રાઈમ બ્રાન્ચે એક ખાતાધારક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુભાનપુરા સ્થિત એક્સિસ બેંકમાં કેશિયર સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા અધિકારીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, બેંક દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં મુકવામાં આવેલા કેશ ડિપોઝિટ મશીનોમાંથી રોકડ એકત્ર કરવાનું કામ કોન્ટ્રાક્ટ પદ્ધતિથી કરવામાં આવે છે.

ગત તારીખ ૩જીના રોજ જ્યારે નિઝામપુરા ખાતેના મશીનમાંથી કેશ કલેક્ટ કરવામાં આવી, ત્યારે તપાસ દરમિયાન રૂ. ૫૦૦ના દરની ૧૭ નોટો શંકાસ્પદ જણાઈ હતી. આ નોટો મશીનના રિજેક્શન અથવા અલગ બોક્સમાંથી મળી આવી હતી, જે બેંકની ચકાસણીમાં બોગસ સાબિત થઈ હતી.

બેંક દ્વારા આ મામલે આંતરિક તપાસ કરવામાં આવતા જાણવા મળ્યું હતું કે, આ તમામ ડુપ્લીકેટ નોટો વિક્રમસિંહ રાજ પુરોહિત નામના ગ્રાહકના ખાતામાં જમા કરાવવામાં આવી હતી. ગ્રાહકે કુલ રૂ. ૪૪,૫૦૦નું ભરણું કર્યું હતું, જેમાં આ ૧૭ નકલી નોટોનો સમાવેશ થતો હતો.

RBI (રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા) ના નિયમો મુજબ જો કોઈ ખાતાધારકના ભરણામાંથી ૫ કે તેથી વધુ નકલી નોટો મળી આવે, તો બેંકે ફરજિયાતપણે પોલીસ ફરિયાદ નોંધાવવી પડે છે. આ નિયમને આધીન રહીને બેંક અધિકારીએ ગ્રાહક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. બેંકની ફરિયાદના આધારે વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ગુનો દાખલ કર્યો છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે, આ નકલી નોટો ગ્રાહક પાસે ક્યાંથી આવી? શું આ કોઈ મોટા રેકેટનો ભાગ છે કે ગ્રાહકની અજાણતામાં આ નોટો મશીનમાં પહોંચી?

# ગુજરાત પોલીસના ટેકનિકલ વિભાગમાં ૯૫૦ જગ્યાઓ પર નોકરીની સુવર્ણ તક

અમદાવાદ,તા.૭

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ (GPRB)એ વાયરલેસ અને મોટર ટ્રાન્સપોર્ટ વિભાગમાં વર્ગ-૩ ટેકનિકલ કેડર માટે ભરતીની જાહેરાત કરી છે. એન્જિનિયરિંગ સ્નાતકો અને ડિપ્લોમાની લાયકાત ધરાવતા લોકોને ગુજરાત પોલીસમાં જોડાવાની આ એક સુવર્ણ તક છે. પોલીસ ભરતી બોર્ડે કુલ ૯૫૦ ખાલી જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરી છે, જેમાં આગામી ૯ જાન્યુઆરીથી ઓનલાઈન અરજી કરી શકાશે.

GPRBએ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ અને મોટર ટ્રાન્સપોર્ટ), ટેકનિકલ ઓપરેટર અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક સહિતની જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા હાથ ધરી છે. જેમાં વાયરલેસ વિભાગમાં કુલ ૮૩૦ જગ્યાઓ અને મોટર ટ્રાન્સપોર્ટ વિભાગમાં કુલ ૮૦ જગ્યાઓ પર ભરતીની જાહેરાત કરી છે. જેમાં ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના બપોરે ૨ વાગ્યાથી ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ની રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધીમાં ojas.gujarat.gov.in પરથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. વાયરલેસ વિભાગ (કુલ: ૮૩૦ જગ્યાઓ)

જાહેરાત ક્રમાંક નં.

પોસ્ટનું નામ જગ્યાઓ

GPRB/૨૦૨૫૨૬/૨

પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ) ૧૭૨

–ટેકનિકલ ઓપરેટર ૬૯૮

કુલ ૮૭૦

મોટર ટ્રાન્સપોર્ટ વિભાગ (કુલ: ૮૦ જગ્યાઓ)

જાહેરાત ક્રમાંક નં.

પોસ્ટનું નામ જગ્યાઓ

GPRB/૨૦૨૫૨૬/૩

પોલીસ સબ ઈન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સપોર્ટ) ૩૫

GPRB/૨૦૨૫૨૬/૪

હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-૧) ૪૫

કુલ ૮૦

PSI વાયરલેસ અને ટેકનિકલ ઓપરેટર

લાયકાતઃ માન્ય યુનિવર્સિટીમાંથી BE/B.Tech (એન્જિનિયરિંગ અથવા ટેકનોલોજીમાં સ્નાતકની ડિગ્રી).

- ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન (EC)
- ઈલેક્ટ્રોનિક્સ અને ટેલિકોમ્યુનિકેશન
- ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ
- ઈન્ફર્મેશન ટેકનોલોજી (IT)
- ઈન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી (ICT)
- કમ્પ્યુટર એન્જિનિયરિંગ / કોમ્પ્યુટર સાયન્સ

પોલીસ સબ ઈન્સ્પેક્ટર - મોટર ટ્રાન્સપોર્ટ

લાયકાતઃ માન્ય યુનિવર્સિટીમાંથી ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ અથવા મિકેનિકલ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી.

# ગુજરાત રાજ્ય એવૉર્ડી ટીચર્સ ફેડરેશનના વાર્ષિક શૈક્ષણિક અધિવેશન અને સન્માન સમારોહ આનંદ નિકેતન સ્કૂલ – સુઘડ, ગાંધીનગર ખાતે યોજાયો










રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ઍવૉર્ડ પ્રાપ્ત કરનાર શિક્ષકોનું સંગઠન એટલે ગુજરાત રાજ્ય (રાજ્ય અને રાષ્ટ્રીય) ઍવૉર્ડી ટીચર્સ ફેડરેશન. તેના વાર્ષિક શૈક્ષણિક અધિવેશન અને સન્માન સમારોહનું આયોજન આનંદ નિકેતન સ્કૂલ - સુઘડ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો શુભારંભ સુમધુર પ્રાર્થનાથી કરવામાં આવ્યો. આ અવસરે પધારેલા માનવંતા મહેમાનોનું શબ્દપુષ્પ દ્વારા અને સ્મૃતિભેટ અર્પણ કરીને ભાવપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું. જાણીતા સાહિત્યકાર અને શિક્ષણવિદશ્રી રતિલાલ બોરીસાગર સાહેબે જણાવ્યું હતું કે, શિક્ષક હોવું એ ગૌરવની વાત છે. શિક્ષકોએ આત્મગૌરવ અને સ્વાભિમાન જગાવવાની જરૂર છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. ટી.એસ. જોશી સાહેબે રાષ્ટ્રીય શિક્ષણનીતિ અંગે વાત કરી હતી. વિદ્યાર્થીઓને વિચારતો કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો. આનંદ નિકેતન સ્કૂલના ટ્રસ્ટી શ્રી કમલ મંગલજીએ જીવન વિદ્યાનું મહત્ત્વ જણાવતાં કહ્યું હતું કે, આપણા પ્રશ્નોના સટિક ઉત્તર જીવન વિદ્યામાં પ્રાપ્ત થાય છે. ગુજરાત રાજ્ય ઍવૉર્ડી ટીચર્સ ફેડરેશનના મહામંત્રી શ્રી સંજયભાઈ પટેલે અધિવેશનમાં પધારેલા સૌ મહેમાનોનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. એસ. ટી. બસના પાસ બાબતના એવોર્ડી શિક્ષકોના પ્રશ્નોના નિરાકરણ અંગે શ્રી ડૉ. કુબેરભાઈ ડીડોર સાહેબનું માર્ગદર્શન અને સહકાર મળ્યો તે બાબતે વિગતે વાત કરી હતી. આ પ્રસંગે પૂર્વ કેબિનેટ શિક્ષણમંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીડોર સાહેબનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું; તેના પ્રતિભાવમાં શ્રી ડૉ. કુબેરભાઈ ડીડોર સાહેબે જણાવ્યું હતું કે, એવોર્ડી શિક્ષકો માટે તમામ બસમાં નિશૂલ્ક મુસાફરી પાસ બાબતે હું તો માત્ર નિમિત્ત બન્યો છું. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર દ્વારા આપને સુવિધા આપવામાં આવી છે, તેના આપ સૌ હક્કદાર છો. અત્રે ઉલ્લેખનીય છે ગત ૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ શિક્ષક દિન નિમિત્તે રાજ્ય સરકારે રાજ્ય અને રાર્ષ્ટ્રીય એવોર્ડી શિક્ષકો માટે નિગમની તમામ બસોમાં (રાજ્ય અને રાજ્ય બહાર) આજીવન નિશૂલ્ક મુસાફરીની જાહેરાત કરી હતી અને તેનું અમલીકરણ પણ થઇ ગયેલ છે.

માનનીય શિક્ષણમંત્રી શ્રીમતી રિવાબા જાડેજા અતિ વ્યસ્ત કાર્યક્રમમાંથી પોતાનો કીમતી સમય કાઢીને શિક્ષકોને પ્રોત્સાહિત કરવા ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં, એમનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. એમણે પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, "રાષ્ટ્રનિર્માણના કાર્યમાં જોડાયેલા સૌ શિક્ષકો આદરને પાત્ર છે. તમે સૌએ રાજ્યના બે લાખ શિક્ષકોમાં વિશિષ્ટ કાર્ય કરીને તમારી શાળાને ગૌરવ અપાવ્યું છે અને આપનું પણ ગૌરવ વધાર્યું છે. આવા ગૌરવવંતા શિક્ષકોને બિરદાવવાના અવસરે મને ઉપસ્થિત રહેવાનો અવસર મળ્યો છે, તેનો મને વિશેષ આનંદ છે. ખરેખર, શિક્ષક (શિક્ષણકાર્ય) એ રાષ્ટ્રનિર્માણનું કાર્ય છે. સૈનિકો અહર્નિશ – રાતદિવસ સરહદે ખડેપગે રહેને દેશની સીમાઓનું રક્ષણ કરે છે, તેમ શિક્ષકો રાષ્ટ્રને અંદરથી મજબૂત કરવાનું કાર્ય કરે છે. ગુજરાત રાજ્ય (રાજ્ય અને રાષ્ટ્રીય) ઍવૉર્ડી ટીચર્સ ફેડરેશનની સ્થાપના આદરણીય માનસિંગભાઈ ચૌધરીએ કરી, તેઓ આજે આપણી વચ્ચે નથી, એમની દિવ્ય ચેતનાને હું વંદન પાઠવું છું."

દર વર્ષે યોજાતા ગુજરાત રાજ્ય (રાજ્ય અને રાષ્ટ્રીય) ઍવૉર્ડી ટીચર્સ ફેડરેશનના વાર્ષિક શૈક્ષણિક અધિવેશન અને સન્માન સમારોહમાં નવો અભિગમ દાખવીને સાહિત્ય, કલા અને ટૅક્નૉલૉજી ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર ૨૭ શિક્ષકોને 'સાહિત્યસાધના પારિતોષિક', ૩ શિક્ષકોને 'કલાસાધના પારિતોષિક' અને ૫ શિક્ષકોને 'ડિજિટલ ગુરુ પારિતોષિક' એનાયત કરવામાં આવ્યા તે બદલ આવો વિચાર કરનાર ફેડરેશનના પ્રમુખ અને મહામંત્રીશ્રીને તેમણે અભિનંદન પાઠવ્યા હતા.

માનનીય મંત્રીશ્રી અને ઉપસ્થિત માનવંતા મહેમાનોના વરદ હસ્તે વર્ષ : ૨૦૨૪ના રાજ્ય ઍવૉર્ડી અને ૨૦૨૪/૨૫ના રાષ્ટ્રીય ઍવૉર્ડી શિક્ષકો તેમજ સાહિત્ય, કલા અને ટૅક્નૉલૉજી ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર શિક્ષકોને પારિતોષિક આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષ - ૨૦૨૪ ના એવોર્ડી શિક્ષકોને તમામ એસ.ટી બસમાં નિશૂલ્ક મુસાફરી માટેના પાસ પણ મંત્રીશ્રી રિવાબા જાડેજાના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.



# કાલોલમાં કોર્પોરેટર અને પોલીસની વચ્ચે બબાલ

**કાલોલ નગરપાલિકાના કોર્પોરેટર જ્યોત્સના બેલદાર અને પોલીસ વચ્ચે બ્લેક ફિલ્મ વાળી કારના મેમાને લઈને બબાલ થઈ હતી**



પંચમહાલ ,

પંચમહાલ જિલ્લાના કાલોલમાં પોલીસે બ્લેક ફિલ્મ વાળી કાર સામે ડ્રાઈવ યોજી હતી. આ દરમિયાન કોર્પોરેટર અને પોલીસ વચ્ચે બબાલ થઈ હતી. કોર્પોરેટર જ્યોત્સના બેલદારે પોલીસને જોઈ લેવાની ધમકી આપી હતી.

કોર્પોરેટરના પરિવારે પણ પોલીસ સામે દાદાગીરી કરતાં ઘટના સ્થળ પર લોકોના ટોળા એકઠા થયા હતાં. આટલેથી નહીં અટકતા કોર્પોરેટરે પોલીસ સ્ટેશનમાં પણ ઉત્પાત મચાવ્યો હતો.

પંચમહાલ જિલ્લાના કાલોલમા પોલીસે ટ્રાફિક ડ્રાઈવ યોજી હતી. આ ડ્રાઈવ દરમિયાન બ્લેક ફિલ્મ વાળી કાર સામે પોલીસે પગલાં લેવાનું શરૂ કર્યું હતું. ત્યારે કાલોલ નગરપાલિકાના કોર્પોરેટર જ્યોત્સના બેલદાર અને પોલીસ વચ્ચે બ્લેક ફિલ્મ વાળી કારના મેમાને લઈને બબાલ થઈ હતી. કોર્પોરેટરના પરિવારે પણ પોલીસ સામે દાદાગીરી કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. કોર્પોરેટરે પોલીસને જોઈ લેવાની ધમકી આપી હતી. કોર્પોરેટરની કારને બ્લેક ફિલ્મ લાગી હોવાથી પોલીસે તે કારનો પીછો કરીને ઉભી રાખી હતી.

આ દરમિયાન ભાજપ શાશિત કાલોલ નગરપાલિકાના કોર્પોરેટરના પરિવારે પોલીસ સામે દાદાગીરી કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

પોલીસે મેમો આપવાની વાત કરતાં જ કોર્પોરેટર અને તેમના પરિવારજનો ઉશ્કેરાઈ ગયા હતાં અને પોલીસને જોઈ લેવાની ધમકી આપી હતી. તેમની દાદાગીરીનો વીડિયો પણ વાયરલ થયો હતો. આ વીડિયોમાં તેઓ પોલીસ સ્ટેશનમાં એવું કહેતા સંભળાય છે કે તમે મને લોકઅપમાં મુકી દો. પોલીસે સમગ્ર મામલે ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી હોવાની માહિતી મળી છે.

# ધ્રોલ નજીક ઈકો કાર પલટી ખાઈ જતાં તેના ચાલકનું અંતરિયાળ મૃત્યુ



જામનગર,

જામનગર જિલ્લામાં અકસ્માતોની હારમાળા યથાવત રહી છે,

અને વધુ એક વ્યક્તિએ વાહન અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવ્યો છે. ધ્રોલ ટાઉનમાં ચામુંડા પ્લોટ વિસ્તારમાં રહેતો અને ડ્રાઈવિંગ કામ કરતો બકાભાઇ પુનાભાઈ ટોયેટા નામનો ૩૨ વર્ષનો યુવાન ગઈકાલે સાંજે પોતાના જી.જે. ૧૦ ડી.એન. ૬૮૯૧નંબરની ઈકો કાર લઈને જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન ધ્રોળ નજીક અકસ્માતે તેની ઈકો કાર પલટી મારીને રોડથી નીચે ઉતરી ગઈ હતી. જે અકસ્માતમાં યુવકને શરીરે હેમરેજ સહિતની નાની મોટી ઈજાઓ થઈ હતી, અને તેનું સ્થળ પર જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

આ અકસ્માતના બનાવ અંગે મૃતકના સંબંધી લીંબાભાઈ કડવાભાઈ ટોયટાએ પોલીસને જાણ કરતાં પોલીસનો કાફલો બનાવના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

"THIS NEWSPAPER/PERIODICAL IS PUBLISHED BY RIJVAN MANSURI FROM A 12 MULCHAND PARK, PETHAPUR, DISTRICT GANDHINAGAR, GUJARAT – 382610 ON BEHALF OF RIJVAN MANSURI, EDITED BY RIJVAN MANSURI AND PRINTED BY THAKAR ILEVAN HASMUKHRAI AT JAY GRAPHICS AND PRINTERS, C/15, VIKRAM CHAMBERS, INCOME TAX, ASHRAM ROAD, AHMEDABAD – 380009."